સહકારથી સમૃદ્ધિ...

# ગૌરવવંતું સહકારી ક્ષેત્ર








એશિયા ની સૌથી વિશાળ ડેરીના
૧૫૦ MTPD દૂધ પાવડર
પ્લાન્ટનું ઉદ્ઘાટન
શ્રી અમિત શાહ
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી
દ્વારા



# ગૌરવવંતું

## સહકારી ક્ષેત્ર




**પ્રકાશક: માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

પ્રોસેસિંગ અને મુદ્રણ: સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.

પ્રકાશન વર્ષ: ૨૦૨૧-૨૨

## સહકારી ક્ષેત્રે ગુજરાતની આગવી ઓળખ



ગુજરાત તેના ગૌરવવંતા સહકારી ક્ષેત્રથી દેશ અને દુનિયામાં જાણીતું છે. તાજેતરમાં ભારત સરકારે નવા સહકાર મંત્રાલયનું ગઠન કરીને એક નવતર ઐતિહાસિક પહેલ કરી છે. આના પરિણામે સમગ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિનું માળખું વધુ સમૃદ્ધ અને સુદ્રઢ નિસંદેહપણે બનશે.

અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે વેળા ગુજરાતમાં ૧૩,૯૫૯ સહકારી મંડળીઓ હતી જેનો વિસ્તાર થઈને આજે આપણા રાજ્યમાં ૮૩ હજાર ૧૩૪ સહકારી મંડળીઓમાં ૧ કરોડ ૭૧ લાખ ઉપરાંત સભાસદો કાર્યરત છે. જે ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓની સંગીન પ્રગતિની ગવાહી આપે છે. ગુજરાતના પશુપાલકો અને દૂધ સંઘોને ઉપયોગી આર્થિક અને વિવિધ સરકારી સહાયથી ગુજરાતની દૂધ સહકારી મંડળીઓએ એક આગવી ઓળખ ઊભી કરી છે.

મને શ્રદ્ધા છે કે ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓની ઝાંખીને પ્રસ્તુત કરતી આ પુસ્તિકા સહકારી ક્ષેત્રે કામ કરનારા મિત્રોને તથા પ્રબુદ્ધ વાચકોને ઉપયોગી થઈ પડશે. પ્રસ્તુત પુસ્તિકા તૈયાર કરવા બદલ સહકાર વિભાગના તમામ કર્મયોગી મિત્રો અભિનંદનને પાત્ર છે.

જય જય ગરવી ગુજરાત...

**(ભૂપેન્દ્ર પટેલ)**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



## ગુજરાતમાં સહકારી ક્ષેત્રે આવ્યો ઊર્ધ્વગામી બદલાવ...

સહકારી આંદોલનને વેગ આપવા આઝાદીના ૭૫ વર્ષ બાદ ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્ત્વમાં સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે અને મંત્રાલયની કમાન શ્રી અમિતભાઈ શાહ ને સોંપવામાં આવી છે. દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે એક અલગ વહીવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવું, સહકારી સંસ્થાઓને પાયાના સ્તર સુધી પહોંચતા લોકો આધારિત ચળવળ તરીકે સહકાર આપવા અને સહકાર માટે 'વેપારમાં સરળતા' અને 'સહકાર થી સમૃદ્ધિ' એ મુખ્ય મંત્ર છે. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સબકા સાથ, સબકા વિકાસ" ના સ્વપ્નને સાકાર કરવા આપણા લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હરહંમેશ ચિંતા કરતા રહ્યા છે.

ગુજરાતમાં ચાલતી સહકારી પ્રવૃત્તિઓની દેશ અને દુનિયામાં નોંધ લેવાઈ રહી છે. સમગ્ર રાજ્યના ખૂણે ખૂણે કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધતા લોકોના જીવન ધોરણમાં ઊડીને આંખે વળગે તેવો બદલાવ આવ્યો છે.

સહકારી ચળવળમાં વધુમાં વધુ યુવાનો અને મહિલાઓ જોડાઈ સમાજના ઉત્થાનના કાર્યો કરવા અગ્રેસર બનશે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

ગુજરાતના સહકાર વિભાગ દ્વારા રાજ્યના સમગ્ર સહકારી ક્ષેત્રને ઉજાગર કરતી પ્રસ્તુત પુસ્તિકા રાજ્યના ખેડૂતો, પશુપાલકો, યુવાનો, મહિલાઓ સૌ કોઈને ઉપયોગી બની રહેશે.

**(જગદીશ વિશ્વકર્મા (પંચાલ))**
સહકાર રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## સહકારી ક્ષેત્રે ગુજરાતનું ગૌરવમય યોગદાન...



સહકારી પ્રવૃત્તિના ઇતિહાસમાં એક મેકના સાથ અને સહકારથી પ્રગતિની ઉદ્દાત ભાવના રહેલી છે. આઝાદીના સમયે નાગરિકોના રોજગાર, સ્વરોજગાર અને આર્થિક ઉન્નતિનો ભીમકાય પ્રશ્ન હતો. આ વિડંબણાને હલ કરવા માટે સહકારી પ્રવૃત્તિઓની પાયાની કાર્યવાહી દેશમાં આરંભાઈ. જે કામ સૌ સાથે મળીને કરે તો નિઃસંદેહપણે ઈચ્છિત પરિણામ હાંસલ થઈ શકે એમ આપણા શાસ્ત્રોમાં પ્રબોધાયેલુ છે. સહકારી પ્રવૃત્તિના મુળમાં જ એક બીજાના સહયોગની ઉદાત વિભાવના છે.

ગુજરાત અને સમગ્ર દેશમાં મહદંશે નાગરિકો ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે ત્યારે સહકારી પ્રવૃત્તિઓના અમોઘ શસ્ત્રથી રોજગાર-સ્વરોજગાર દ્વારા ખોલી શકાય છે. ગુજરાતે સહકારી પ્રવૃત્તિઓના વ્યાપ દ્વારા બેરોજગારી નિવારણની દિશામાં વિરાટ ડગ માંડ્યા છે. ગુજરાત રાજ્યમાં શાકભાજી, ફળો, કૃષિ, પશુપાલન, ડેરી ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓનો સિંહફાળો રહ્યો છે. ગૃહનિર્માણ ક્ષેત્રે પણ સહકારીતાની વિભાવના ઉલ્લેખનીય રહી છે. સમગ્ર દેશમાં ગુજરાતના સહકારી ક્ષેત્રની નોંધ લેવામાં આવી રહી છે. આજે રાજ્યમાં ૧.૭૧ કરોડ ઉપરાંત સભાસદો સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા છે એ પ્રત્યેક ગુજરાતી બાંધવ માટે ગૌરવરૂપ બાબત લેખી શકાય.

ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓની આછેરી ઝલક સાથે સહકારી મંડળીની સ્થાપના કરવા માટે ઉપયોગી માહિતી સંકલિત કરીને પુસ્તિકાના સ્વરૂપે આપના કરકમળમાં મૂકતા સહકાર વિભાગ હર્ષની લાગણી અનુભવે છે.

**(નલીન ઉપાધ્યાય,** આઇ.એ.એસ.**)**
સચિવ, સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય



## ગુજરાત બન્યું દેશનું વિરાટ સહકારી વટવૃક્ષ...

કોઈપણ પ્રદેશ કે રાષ્ટ્રમાં વિકાસ, પ્રગતિ અને આગળ વધવા માટે સહકારી પ્રવૃત્તિઓનો ફાળો આદિઅનાદિ કાળથી અનન્ય રહ્યો છે. એ વાત તો નિર્વિવાદપણે સ્વીકારવી પડે કે, 'વિના સહકાર નહીં ઉદ્ધાર'નો જે મંત્ર આપણા પુરાણોમાં પ્રતિપાદિત કરવામાં આવ્યો છે તે સહકારી પ્રવૃત્તિઓનો પ્રણેતા રહ્યો છે.

વિકાસની ક્રાંતિના પાયામાં સહકારી ક્ષેત્રનું અનન્ય પ્રદાન રહેલું છે. કૃષિપ્રધાન ભારત દેશમાં આઝાદી બાદ સહકારી પ્રવૃત્તિઓ વધુ વેગવાન બની જેના પરિણામ સ્વરૂપે ગુજરાત સહિત સમગ્ર દેશના ખૂણેખૂણામાં સાચા અર્થમાં વિકાસના ફળ લહેરાતા જોવા મળ્યા. સહકારી પ્રવૃત્તિઓમાં જ્યાં સુધી ગુજરાતને નિસ્બત છે, ત્યાં સુધી સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ અમૂલ છે. અમૂલ સમગ્ર વિશ્વમાં સહકારી ક્ષેત્રની 'બ્રાન્ડ ઈમેજ' છે. ભારત દેશમાં સહકારી ક્ષેત્રે એક વિરાટ વટવૃક્ષ બની ગયું છે. ગુજરાતમાં જ એક કરોડ ૭૧ લાખ સભાસદો સહકારી પ્રવૃત્તિઓ સાથે સીધી રીતે સંકળાયેલા છે ત્યારે એનો સમગ્ર યશ સ્વાભાવિક રીતે જ ગુજરાતની ઊર્જાવાન સરકારની સહકાર ફ્રેન્ડલી નીતિઓને ફાળે જાય છે.

રાજ્યમાં સહકારી પ્રવૃત્તિઓનો વિકાસ થાય તથા સુદઢ બને તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાકીય માહિતી આ પુસ્તકના માધ્યમથી રજૂ કરવામાં આવેલ છે. સહકારી પ્રવૃત્તિઓના આરંભ બાદ સહકારી મંડળીઓની નોંધણી, મંડળીના પ્રશ્નોનું નિરાકરણ, નિયંત્રણ, દેખરેખ માટે ગુજરાત રાજ્યમાં કરવામાં આવતી કામગીરીને પ્રસ્તુત પુસ્તિકામાં સુપેરે સુસંકલિત કરીને રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત આવશ્યકતા અનુસાર સહકાર વિભાગના કર્મયોગીઓનો સંપર્ક સરળતાથી થઈ શકે એ માટે તેમના દૂરવાણી નંબર અને ઈ-મેઈલ એડ્રેસ પણ આપવામાં આવ્યા છે. મને આશા જ નહીં બલ્કે શ્રધ્ધા છે કે, પ્રસ્તુત પુસ્તિકા ગુજરાતમાં સહકારી ક્ષેત્રે કામ કરતા મિત્રો અને સહાકારી ક્ષેત્રે કામ કરવા ઇચ્છતા મિત્રોને અત્યંત ઉપયોગી બની રહેશે.

**(ડી. પી. દેસાઈ,** આઈ.એ.એસ.**)**
રજિસ્ટ્રાર, સહકારી મંડળી અને માહિતી નિયામક
ગુજરાત રાજ્ય


વિના સહકાર નહીં ઉદ્ધાર
સહકારથી સમૃદ્ધિ...



# સહકારી પ્રવૃત્તિના ઐતિહાસિક પાસા ઉપર વિહંગાવલોકન

માનવ જીવનનો ઈતિહાસ સાક્ષી છે કે, મનુષ્ય એક સામાજિક પ્રાણી છે અને એ પણ નિર્વિવાદ છે કે, માનવ સમુહમાં વધુ સારી રીતે જીવી શકે છે વિકસી શકે છે. જીવન જીવવા માટે તથા પોતાના રક્ષણ માટે માનવીને એકમેકનો સહકાર અને સહયોગ આવશ્યક છે. "સહકાર" વિના જીવનમાં વિકાસ શક્ય નથી. આદી અનાદી કાળથી ગ્રામીણ વિસ્તારોમાં એકબીજાના સહયોગથી કામ કરવાની પ્રથા ચાલી આવે છે. ખાસ કરીને ખેડૂતોમાં અવિધિસરની સહકાર પ્રવૃત્તિ વર્ષોથી ચાલી આવે છે. આમ, છતાં જ્યારે એકબીજાને મદદ કરવાની પ્રથા તૂટવા માંડી ત્યારથી આધુનિક સ્વરૂપની ઔપચારિક "સહકારી પ્રવૃત્તિ"ની શરૂઆત થઈ એમ દ્રઢપણે કહી શકાય. જેમ જેમ જરૂરિયાતો વિસ્તરતી ગઈ તેમ તેમ તેમાંથી વિધિસરની સહકારી પ્રવૃત્તિનો ઉદ્ભવ થતો ગયો. વ્યક્તિને ગ્રાહક તરીકે, ઉત્પાદક તરીકે તેમજ વેચનાર તરીકે શોષણમાંથી મુક્ત કરવાના જાગૃત પ્રયાસ થવાના શરૂ થયાં. સમાન હિત સાચવવા સહકારી ક્ષેત્રનો ઉદભવ થયો. અને કાળક્રમે સહકારી પ્રવૃત્તિનો તમામ ક્ષેત્રે વ્યાપ વધતો ગયો.

વ્યાપારી સંગઠનના એક સ્વરૂપ તરીકે સહકારી પ્રવૃત્તિનો ઉદ્ભવ ઔદ્યોગિક ક્રાંતિથી થયો એમ સ્પષ્ટપણે કહી શકાય. વર્ષ ૧૮૪૩માં બ્રિટનમાં ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન કારખાનાના માલિકો મજૂરોનું બેફામ શોષણ કરતાં હતાં. મજૂરોને માલિકોની દયા ઉપર જીવવું પડતું હતું. માલિકોના આ વલણ સામે તે સમયમાં સામાજિક કાર્યકરોએ મજૂરોને બચાવવા મજૂર મંડળોની સ્થાપના કરી. શોષણ સામે ટક્કર ઝીલવાના પ્રયાસો સર્વ પ્રથમ શરૂ થયાં. વેતન વધારો મજૂરમંડળ મેળવી શકતા ન હતા. પરિણામે મજૂરોને રાહત મળે તે માટે સહકારી રીતે ખરીદીનો માર્ગ શરૂ કરવામાં આવ્યો. આ આખી ઘટનાક્રમમાં ઈંગ્લેન્ડના રોબર્ટ ઓવનના પ્રયાસો નોંધપાત્ર રહ્યાં હતા. એટલે જ રાબર્ટ ઓવનને સહકારી પ્રવૃત્તિના પિતામહ તરીકે નવાજવામાં આવે છે. અહીં એ પણ નોંધવુ જોઈએ કે, ઈંગ્લેન્ડમાં 1844ની 21મી ડિસેમ્બરના દિવસે લંકેશાયર પરગણાંના મધ્યમાં આવેલા રોશડેલના 28 મિલ કામદારો (ઉનના વણકરો)એ 28 પાઉન્ડની મૂડીથી ટોડે લેનમાં રોશડેલ ઈક્વિટેબલ પાયોનિયર્સ સોસાયટી નામની સહકારી મંડળી સ્થાપી અને ત્યારથી ગ્રાહક સહકારી પ્રવૃત્તિની શરૂઆત થઈ હતી.

આ રીતે આર્થિક ઉન્નતિના હેતુથી વિશિષ્ટ રીતે સહકારી પ્રવૃત્તિની સ્થાપના થઈ. ધીમે ધીમે તેનો ફેલાવો દુનિયાના જુદા જુદા દેશોમાં વિસ્તરતો ગયો. ઇંગ્લેન્ડમાં જે રીતે ગ્રાહક સહકારી ભંડારોની સ્થાપના થઈ, તેવી જ રીતે જર્મનીમાં શરાફી સહકારી મંડળીઓની, ફ્રાંસમાં ઉત્પાદકોની મંડળીઓ, ઈટાલીમાં મજૂરોની મંડળીઓ અને ધિરાણ સંસ્થાઓ, ઈઝરાયલમાં સહકારી સંસ્થાઓ, ડેન્માર્કમાં ખેતી-વિષયક મંડળીઓ અને ચીનમાં ઔદ્યોગિક મંડળીઓ કામ કરવા લાગી.

આ ઉપરથી જોઈ શકાય કે, સહકારનો વ્યવસ્થિત ઉદ્‌ભવ મૂડીવાદના અનિષ્ટોમાંથી ખાસ કરીને મુડીપતિઓના શોષણમાંથી થયો છે. ઉત્પાદનના સાધનોની વ્યક્તિગત માલિકી, હરીફાઈ, ખાનગી મિલકતનો હક્ક, રાજ્યની દખલગીરીનો અમલ વગેરે મૂડીવાદના લક્ષણોને લીધે શોષણ અને શોષિતવર્ગનો ઉદ્‌ભવ થયો જેથી શોષણનો સામનો કરવા શોષિતોએ સ્વૈચ્છાએ સહકાર સાધી સહકારી પ્રવૃત્તિની શરૂઆત કરી. સમાજવાદ અને સામ્યવાદી આર્થિક પદ્ધતિઓમાં શોષણનો અભાવ હોવા છતાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થયો છે એની પાછળનુ મુખ્ય કારણ એ છે કે, આ સહકારી વ્યવસ્થા લોકોને લોકશાહી પદ્ધતિનું અનુકૂળ માધ્યમ પૂરું પાડે છે. આ ઉપરાંત આપખૂદી વલણ સામે લોકોની સ્વતંત્રતાને રક્ષવા તે અનિવાર્ય બને છે. આર્થિક પદ્ધતિઓના અનેક વિકલ્પોમાં સહકારનું સ્થાન અત્યંત મહત્ત્વનુ અંગ છે. જુદી જુદી આર્થિક પદ્ધતિઓ સહકારથી પણ પૂરાણી હોવા છતા તેનો ટૂંકાગાળાનો વિકાસ એ બીજી બધી પદ્ધતિ કરતા તેને મહત્ત્વની બનાવે છે. આ સહકારી પદ્ધતિની વિશિષ્ટતા છે. સહકારી પ્રવૃત્તિ એ અન્ય બીજી બધી જ પદ્ધતિઓનાં અનિષ્ટોને દૂર કરનારી અને માલેતુજારોના શોષણનો અંત લાવનારી એક માત્ર ઉત્તમ વ્યવસ્થા છે.

## ભારતમાં સહકારી પ્રવૃત્તિનો ઉદ્‌ભવ અને વિકાસ

ભારતમાં અતિપ્રાચીન સમયથી સમગ્ર દેશમાં આછા પાતળા સ્વરૂપમાં સહકારી પ્રવૃત્તિનું અસ્તિત્વ તો હતું જ. સંયુક્ત કુટુંબ પધ્ધતિ, ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ અને પરંપરાઓનો આ એક હિસ્સો છે. નિધિ અને ચિઠ્ઠીઓની પ્રવૃત્તિ હાલની ક્રેડિટ કૉ-ઓપરેટિવ સોસાયટીઓ સાથે મળતી આવતી પ્રવૃત્તિ હતી. જો કે કાયદાની રીતે તેની શરૂઆત 1904માં સર એડવર્ડ લૉ'ઝ કમિટીની ભલામણોના આધારે "કૉ-ઑપરેટિવ ક્રેડિટ સોસાયટી એક્ટ ઑફ 1904" કાયદો પસાર કરવામાં આવ્યો. અને તે પછી દેશમાં સહકારી પ્રવૃત્તિમાં મંડળીઓની રચના કરવામાં આવી. તેમાં વિવિધ સંશોધન થતા રહ્યા અને જરૂરિયાત મુજબ સુધારા પણ કરવામાં આવ્યાં. 1914માં સર એડવર્ડ મેકલેગન કમિટી બનાવવામાં આવી. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ઑફ 1919 હેઠળ જ્યારે મોન્ટેગ્યૂ ચેમ્પસફર્ડ રિફોર્મ્સ દાખલ કરવામાં આવ્યો ત્યારે સહકાર એ પ્રાંતિય વિષય પ્રોવિન્શિયલ સબ્જેક્ટ બન્યો. ઈ.સ. 1926માં સહકારી મંડળીઓના રજિસ્ટ્રારોની પ્રથમ કોન્ફરન્સ મળી હતી. આ કોન્ફરન્સમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે ભલામણો કરવામાં આવી. ઈસવીસન 1931માં મધ્યસ્થ બેન્કિંગ તપાસ સમિતિએ કરેલી ભલામણો અનુસાર ઈસવીસન 1935માં રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયાની સ્થાપના થઈ જેમાં કૃષિ ધિરાણ માટે અલગ વિભાગ સ્થાપવામાં આવ્યો હતો. જે સહકારી કૃષિ ધિરાણ પ્રવૃત્તિ માટે એક સંગીન પરિબળ બની રહ્યું. ઈ.સ. 1945માં શ્રી આર.જી. સરૈયાના અધ્યક્ષપદે એક





સમિતિની રચના કરવામા આવી. તેણે સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે અનેક ભલામણો કરી. તેમાં ખાસ બે મહત્વની બાબતો હતી. પ્રથમ વાત એ હતી કે, ગ્રામ્ય ધિરણ સહકારી મંડળીઓ એક કાર્યકારી મંડળીના બદલે વિવિધ કાર્યકારી સહકારી મંડળી હોવી જોઈએ. બીજી આગામી 10 વર્ષમાં દેશના કુલ ગામડાંઓના 50 ટકા ગામડાઓમાં દેશની કુલ 30 ટકા વસ્તીને તેમાં આવરી લેવાની બાબત હતી.

## આઝાદી પછીની સહકારી પ્રવૃત્તિ ઉપર એક નજર

15મી ઑગસ્ટ, 1947માં ભારત દેશ આઝાદ થયો ત્યારે ધંધા- રોજગાર, રહેઠાણના પ્રશ્નો, અનાજની અછત જેવી અનેક સમશ્યાઓ મોઢ્ઢ ફાડીને દેશને ઘેરી વળી હતી. સરકારે સહકારી પ્રવૃત્તિને દરેક પ્રશ્નના ઉચિત ઉકેલ માટે ઉત્તમ સમાધાન ગણીને સરૈયા સમિતિની ભલામણોનો અમલ કર્યો. જેના પરિણામે સહકારી પ્રવૃત્તિનો અનેક ક્ષેત્રોમાં વિકાસ થયો. વર્ષ 1951માં પ્રથમ પંચવર્ષીય યોજનામાં સહકારી વિકાસ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. વર્ષ 1963માં સહકારી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય સ્તરે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી હતી. દેશમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે સહકારી પ્રવૃત્તિ સંગીન, સ્વાશ્રયી, લોકશાહી પદ્ધતીએ, સભ્યો સંચાલિત સુચારું રીતે ચાલતી રહે તે માટે તબક્કાવાર વિવિધ સહકારી કમિટીઓની રચના કરવામાં આવી. આ કમિટીની ભલામણો દ્વારા સહકારી પ્રવૃત્તિ દેશના અલગ અલગ ક્ષેત્રોમાં સુચારૂ રીતે વિકસવા લાગી.

## ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિની વિકાસ તવારીખ

સહકારી પ્રવૃત્તિનું ગુજરાત રાજ્યના વિકાસમાં અગત્યનુ સ્થાન છે. સમગ્ર દેશમાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિની આગવી નોંધ લેવામાં આવી રહી છે. 1લી મે, 1960મા બૃહદ મહારાષ્ટ્ર રાજ્યમાંથી અલગ ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી. દેશમાં સૌથી પહેલાં સહકારી મંડળીની રચના 1889માં વડોદરામાં અન્યોન્ય સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાતમાં 1904ના સહકારી કાયદા પ્રમાણે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાની વિસલપુર સહકારી મંડળી ગુજરાતની પ્રથમ નોંધાયેલી મંડળી છે. 1909માં જંબુસર – ભરૂચ નાગરિક સહકારી બેન્ક શરૂ થઈ. 1912માં કોડીનારમાં પ્રથમ વિવિધલક્ષી સહકારી મંડળી નોંધાઈ. 1921માં સુરતમાં કપાસ વેચાણ સહકારી પ્રથમ મંડળી નોંધાઈ. 1940માં સુરતમાં 84 દૂધ મંડળી નોંધાઈ. 1946માં આણંદમાં જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની સ્થાપના થઈ. 1951માં સૌરાષ્ટ્રમાં

રાજકોટ પ્રથમ લેન્ડ મોરગેજ બેન્ક શરૂ થઈ. 1955માં બારડોલીમાં ખાંડની સૌ પ્રથમ સહકારી મિલ શરૂ થઈ. જે એશિયામાં સૌથી મોટી છે. 1974માં રાસાયણિક ખાતરના ક્ષેત્રે ક્રાંતિ કરનાર ઈફ્કોની સ્થાપના થઈ. 1979માં તેલિબિયાં ક્ષેત્રે ગ્રોફેડની સ્થાપના થઈ. 1985માં રાસાયણિક ખાતર માટે ક્રિભકોની સ્થાપના થઈ. ગુજરાતની સહકારી પ્રવૃત્તિના વિકાસને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો કુલ સહકારી મંડળીઓની સંખ્યામાં ગુજરાતનો ફાળો 14.43 ટકા જેટલો છે. ગુજરાત રાજ્યની સ્થાપના સમયે રાજ્યમાં સહકારી મંડળીઓની કુલ સંખ્યા 13,959 જેટલી હતી. આજે વર્ષ 2021માં રાજ્યમાં વિવિધ પ્રકારની અને ક્ષેત્રની કુલ 83,134થી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત છે. અંદાજે 1.71 કરોડ સભાસદો રાજ્યની વિવિધ સહકારી મંડળીઓ સાથે જોડાયેલા છે.

## સહકાર વિભાગનું માળખુ

સહકારી પ્રવૃત્તિની શરૂઆત થયા બાદ સહકારી મંડળીની નોંધણી માટે અને ત્યારબાદ પ્રકાર વાર સહકારી સંસ્થાઓના પ્રશ્નોના નિરાકરણ, નિયંત્રણ અને દેખરેખ રાખવા માટે સહકાર ખાતા હસ્તકની રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરની કચેરી સહકાર ખાતાની વડી કચેરી છે. તેમના નિયંત્રણ હેઠળ વડી કચેરીમાં અધિક રજિસ્ટ્રાર, સંયુક્ત રજિસ્ટ્રાર, નાયબ રજિસ્ટ્રાર, તથા મદદનીશ રજિસ્ટ્રાર જુદી જુદી કામગીરી સંભાળે છે. જ્યારે જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ કામગીરી સંભાળે છે. ગુજરાતમાં કુલ 33 જિલ્લા આવેલા છે, તમામ જિલ્લા મથકોએ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી આવેલી છે. મની લેન્ડીંગ એક્ટના અમલીકરણની કામગીરી પણ જિલ્લા રજિસ્ટ્રાર હસ્તક છે. રાજ્યમાં આવેલી તમામ સહકારી મંડળીઓના ઓડિટ કરાવવા માટે વિભાગીય કક્ષાએ અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે સંયુક્ત રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ઓડિટની કચેરી આવેલી છે. જ્યારે જિલ્લા કક્ષાએ ઑડિટ માળખું જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હસ્તક છે. સહકારી હાઉસીંગ મંડળીનો વિકાસ જોતાં હાઉસીંગ માટે જિલ્લા રજિસ્ટ્રારની અલગ નિમણંક કરવામાં આવી.અમદાવાદ, વડોદરા અને સુરતમાં વર્ગ-૧ અધિકારી તથા વિવિધ જિલ્લામાં કુલ-૧૦ અધિકારીઓ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ) તરીકે કામગીરી કરે છે.

દૂધ મંડળીઓના ઓડિટ માટે અને દૂધ ઉત્પાદક સહકારી સંઘના ઓડિટ માટે સહકાર વિભાગ દ્વારા એક અલગ નિરીક્ષણ અને અન્વેષગ સમિતિની રચના કરવામાં આવેલ છે અને આ સમિતિના મુખ્યકાર્ય પાલક અધિકારી રાજ્યમાં આવેલી દૂધ મંડળીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોમાં ઓડિટની કામગીરી અલગથી સંભાળે છે. રાજ્યમાં આવેલ બજાર સમિતિઓના કામકાજનું નિયંત્રણ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ અંતર્ગત થાય છે. જે કાયદાની સત્તા નિયામકશ્રી ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્યને આપવામાં આવેલ છે. રાજ્યમાં આવેલ ખાંડ સહકારી મંડળીઓનું કામકાજ નિયામકશ્રી, ખાંડ સહકારી મંડળીઓ દ્વારા કરવામાં આવે છે.

# સહકારી પ્રવૃત્તિ : એક ઝલક




## દૂધ ઉત્પાદન ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ

ગુજરાત રાજ્યમાં ગામડાઓમાં દૂધ સહકારી મંડળીઓ આવેલી છે. આ મંડળીઓ પશુપાલક સભાસદો પાસેથી દૂધ એકત્ર કરવાનુ કામ કરે છે. સભાસદો પાસેથી એકઠુ કરાયેલું દૂધ સહકારી મંડળીઓ દ્વારા જિલ્લા સહકારી દૂધ સંઘોને મોકલવામાં આવે છે. દૂધ સંઘો દ્વારા દૂધ અને દૂધની બનાવટોનું ઉત્પાદન કરવામાં આવે છે. દૂધ સંઘો દ્વારા ગામડાઓની દૂધ સહકારી મંડળીઓ મારફત પશુપાલક સભાસદોને દૂધ ખરીદીના નાણાં ચૂકવવામાં આવે છે. રાજ્ય કક્ષાએ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટીંગ કરવામાં આવે છે. આજે વિશ્વભરમાં "અમૂલ" બ્રાન્ડને લોકો ઓળખે છે. ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનનું વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૫૦,૦૦૦ કરોડ જેટલું છે. રાજ્યમાં દૈનિક



CERTIFICATE OF REGISTRATION.

No.P-330 of 1946.

The Joint Registrar hereby notifies that the Kaira District Cooperative milk Producer's Union Limited at Anand Tal, Anand Dist. Kaira has been registered under Section 10 of Bombay Act VII of 1925.

Dt. 14 December, 1946.

Sd/-
Joint Registrar,
Cooperative Societies
Bombay Province.

સરેરાશ ૨ થી ૨.૨૫ કરોડ લીટર દૂધનું સંપાદન કરવામાં આવે છે. દૈનિક રૂ. ૧૨૫ કરોડનું દૂધનું ચુકવણું પશુપાલકોને કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં આવેલ બનાસ ડેરી એશિયામાં સૌથી વધુ દૂધ એકત્ર કરે છે. સીઝનમાં પ્રતિદિન ૮૦ લાખ લીટરથી પણ વધુ દૂધ એકત્રિત કરીને નવા કીર્તિમાન સ્થાપિત કરી તે સભાસદોની જીવાદોરી સમાન સંસ્થા બની છે. ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં દૂધ સહકારી પ્રવૃત્તિ જીવાદોરી સમાન છે.

## સહકારી ધિરાણ ક્ષેત્ર

ગુજરાત રાજ્યમાં કૃષિ ધિરાણ માળખું ત્રિ-સ્તરીય છે. જેમાં રાજ્ય કક્ષાએ એપેક્ષ સંસ્થા તરીકે ગુજરાત રાજ્ય સહકારી બેંક, જિલ્લા કક્ષાએ ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને ગ્રામ્ય કક્ષાએ ૧૦,૦૦૦થી વધુ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ છે. આ ઉપરાંત ૨૨૩ નાગરિક સહકારી બેંકો તથા ૬૦૦૦થી વધુ બિનકૃષિ ધિરાણ સહકારી મંડળીઓ છે. સહકારી ક્ષેત્રે રૂ. ૧,૧૫,૦૦૦ કરોડ થાપણો અને રૂ. ૬૯,૬૮૫ કરોડના ધિરાણ દ્વારા રાજ્યમાં સહકારી ક્ષેત્રે સંકળાયેલ સભાસદોને ખૂબ મોટી સુવિધા પૂરી પાડવામાં આવે છે. સહકારી ક્ષેત્રે અંદાજિત લાખો વધુ ખેડૂતોને પાક ધિરાણ આપવામાં આવે છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા 3 ટકા તથા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૪ ટકા વ્યાજ સહાય ખેડૂતોને આપવામાં આવે છે. ગુજરાતના ખેડૂતોને કોઈપણ પ્રકારના વ્યાજ વગર રૂ. 3 લાખ સુધીનું પાક ધિરાણ આપવામાં આવે છે. રાજ્ય સરકાર પ્રતિ વર્ષે રૂ. ૧૧૦૦ કરોડથી પણ વધારે વ્યાજ સહાય ચૂકવે છે.

## ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ

ગુજરાતમાં ૨૨૪ જેટલી બજાર સમિતિઓ કાર્યરત છે. પરિણામે ખેડૂતો પોતાના માલનું વેચાણ કરીને પોષણક્ષમ ભાવે મેળવે છે. જેમાં અંદાજિત ૧૨૫ લાખ મેટ્રિક ટન જેટલા માલનું રૂ. 33,000 કરોડનું ખરીદ-વેચાણ થાય છે.

## ખાંડ સહકારી મંડળીઓ

ખેડૂતોની સહકારી સંસ્થાઓ પૈકી ૧૩ ખાંડ-સહકારી મંડળીઓ ગુજરાતમાં કાર્યરત છે. જેમાં વાર્ષિક ૧૦૨ લાખ મેટ્રિક ટન જેટલું શેરડીનું પિલાણ થાય છે. ખાંડ સહકારી મંડળીઓ સાથે ૪.૫૦ લાખ ખેડૂતો જોડાયેલા છે. આ મંડળીઓ ભારત સાથે ઈન્ડોનેશિયા, સોમાલિયા, ચીન, બાંગ્લાદેશ જેવા દેશોમાં ખાંડ એક્સપોર્ટ કરે છે. આનો લાભ શેરડી પકવતા ખેડૂતોને મળે છે.

## સહકારી શિક્ષણ પ્રવૃત્તિ

સહકારી શિક્ષણ અને તાલીમ એ સહકારી પ્રવૃત્તિની સફળતા માટે પૂર્વ શરત છે. સહકારના સિધ્ધાંતોમાં શિક્ષણ, તાલીમ અને માહિતીને એક સિધ્ધાંત તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. સહકારી શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ સહકારી પ્રવૃત્તિને સંગીન, સ્વાશ્રયી અને લોકશાહી ઢબે સંચાલિત બનાવવાનો છે. જેથી તે સામાજિક, આર્થિક વિકાસનો ધ્યેય સિધ્ધ કરી ગરીબી અને શોષણ નાબૂદ કરી શકે. સહકારી શિક્ષણ યોજના અનુસાર રાજય સહકારી સંઘ તથા જિલ્લા સહકારી સંઘો દ્વારા રાજયમાં સહકારી શિક્ષણ અને તાલીમના કાર્યક્રમો યોજવામાં આવે છે.

ગુજરાત રાજય સહકારી સંઘ રાજયની સહકારી સંસ્થાઓના વિકાસ અને પ્રગતિ માટે સહકારી શિક્ષણ, તાલીમ, પ્રચાર અને પ્રસારના વિવિધ કાર્યક્રમો દ્વારા પ્રેરણા અને માર્ગદર્શન આપતી રાજયકક્ષાની એપેક્ષ સહકારી સંસ્થા છે. સમગ્ર દેશમાં સહકારી શિક્ષણ અને તાલીમના કાર્યક્રમોના અમલ માટે ત્રિસ્તરીય માળખું (રાષ્ટ્રીય સહકારી સંઘ (NCUI રાજય સહકારી સંઘો અને જિલ્લા સહકારી સંઘો) કાર્યરત છે અને (રાષ્ટ્રીય નીતિને અનુરૂપ રાજય સહકારી સંઘ અને જિલ્લા સહકારી સંઘો રાજયમાં સહકારી શિક્ષણ અને તાલીમના કાર્યક્રમનો અમલ કરી રહયાં છે.

# સહકારી મંડળીઓ માટે મહત્ત્વની માર્ગદર્શક સૂચનાઓ

## સહકારી મંડળીઓની નોંધણી કેવી રીતે કરી શકાય ?




સહકારી મંડળીઓની નોંધણી માટે www.ifp.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહે છે.



સામાન્ય રીતે મંડળીની નોંધણી દરખાસ્ત કરતા પહેલા સભાસદોની સાધારણ સભા કરવાની રહે છે, જેમાં મંડળીનું નામ, કાર્યક્ષેત્ર, સરનામું, પ્રયોજકોના નામ, શેર અને પ્રવેશ ફીની રકમ, બેંક ખાતું ખોલાવવા બાબત, મુખ્ય પ્રયોજકનું નામ, નોંધણી માટેની કાર્યવાહી કરવાની સત્તા, ઉપનિયમો મંજૂર કરવા બાબત વગેરે ઠરાવો કરવાના રહે છે.



આટલી કાર્યવાહી બાદ જિલ્લા રજિસ્ટ્રારશ્રીને ઓનલાઈન અરજી કરવાની થાય છે, તથા તે માટે નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજો રજૂ કરવાના રહે છે.

૧. ફોર્મ-અ, અરજી (કલમ ૮, નિયમ 3)
૨. ઠરાવોની પ્રમાણિત નકલ (કલમ ૮)
3. શેરમૂડી અને દાખલ ફી સાથેની સભાસદ યાદી (નિયમ 3)
૪. બેંકમાં જમા રકમનું પ્રમાણપત્ર (નિયમ 3)
૫. પ્રોજેક્ટ રિપોર્ટ (નિયમ 3)
૬. ઉપનિયમો (કલમ ૮)
૭. ના વાંધા પ્રમાણપત્ર (કલમ ૪)
૮. મુખ્ય પ્રાયોજકનું સોગંદનામું
૯. આવક-જાવકનો હિસાબ
૧૦. પોલીસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર
૧૧. પ્રયોજકો અલગ-અલગ કુટુંબના સભ્યો હોવા બાબતનું પ્રમાણપત્ર
૧૨. મંડળીના પ્રકારવાર જરૂરી અન્ય દસ્તાવેજો

નોંધણી સબંધિત કોઈપણ માર્ગદર્શન માટે સબંધિત જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રારશ્રીનો સંપર્ક કરવાનો રહે છે.



Co-operative Federalismને વધુ સાર્થક બનાવવા Competitive Co-operative Federalismને માત્ર રાજ્યોની વચ્ચે જ નહીં પણ જિલ્લાઓ સુધી પહોંચાડવાનું છે.

**નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાનશ્રી



## નોંધણી થયા બાદ ધ્યાનમાં રાખવાની બાબત




- સહકારી મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ - ૧૯૬૧ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો - ૧૯૬૫ની જોગવાઈ અનુસાર કરવામાં આવે છે. આ જોગવાઈ સહકારી મંડળીને લાગુ પડતી હોઈ આ કાયદા/નિયમોનું અદ્યતન વિગતોવાળા પુસ્તકો મંડળીમાં ખરીદ કરીને રાખવા, તેમ જ મંડળીના પ્રમુખ/મંત્રી અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ આ બાબતે તાલીમ મેળવી લેવી જરૂરી છે.

- **મંડળીએ ઉપનિયમો સુધારવા નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવી જરૂરી છે.**
  - ઉપનિયમ સુધારા વ્ય.સમિતિ સભ્યોની મિટિંગના એજન્ડા બાબત લઈને, વ્યવસ્થાપક સમિતિ સભ્યોની મિટિંગમાં ઠરાવ કરીને ઉપનિયમ સુધારવા બાબત વાર્ષિક સાધારણ સભાના એજન્ડામાં લેવાનું નક્કી કરવું.
  - વાર્ષિક સાધારણ સભાના એજન્ડામાં



ઉપનિયમ સુધારાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવોતથા કયા સુધારા કરવાના થાય છે તે બાબત જણાવવી.

- વાર્ષિક સાધારણ સભામાં ઉપનિયમ સુધારા બાબતેનો ઠરાવ ૨/૩ બહુમતીથી મંજૂર થવો જરૂરી છે.
- વાર્ષિક સાધારણ સભાના ઠરાવ પછી ૨(બે) માસની અંદર જિલ્લા રજિસ્ટ્રાર કચેરીએ ઉપનિયમ સુધારાની દરખાસ્ત કરવી જોઈએ.
- જિલ્લા રજિસ્ટ્રાર કચેરીએ ફોર્મ ૧થી ૫ (નિયત નમૂના જિલ્લા સહકારી સંઘમાંથી મળશે), વાર્ષિક સાધારણ સભાના એજન્ડાની પ્રમાણિત નકલ, વાર્ષિક સાધારણ સભાના ઠરાવની પ્રમાણિત નકલ, મૂળ ઉપનિયમની નકલ અને છેલ્લા હિસાબોની નકલ સાથે ઉપનિયમ સુધારાની દરખાસ્ત કરવી.
- જિલ્લા રજીસ્ટ્રારની મંજૂરી બાદ જ ઉપનિયમોનો અમલ કરવો.

➲ કોઈપણ વ્યક્તિને મંડળીમાં સભાસદ બનાવવા સમયે નિયત નમૂનામાં અરજી મેળવીને, શેર અને દાખલ ફીની રકમ લેવી, ઉપનિયમો મુજબ લાયકાત ધરાવતો હોવા બાબતની ખાતરી કરીને, જરૂરી બાંહેધરી મેળવીને વ્યવસ્થાપક સમિતિના સભ્યોની મિટિંગમાં મંજૂરી લેવી, ત્યાર બાદ સભાસદને શેર સર્ટિફિકેટ આપવું ફરજીયાત છે.

➲ મંડળીએ નીચે મુજબના દસ્તાવેજો ફરજીયાત નિભાવવા જરૂરી છે. (આ દસ્તાવેજો બુકસ્ટોરમાંથી સરળતાથી ઉપલબ્ધ છે.)

૧. વ્યવસ્થાપક સમિતિની મિટિંગ, વાર્ષિક સાધારણ સભા મિટિંગની એજન્ડા બુક.

૨. વ્યવસ્થાપક સમિતિની મિટિંગ, વાર્ષિક સાધારણસભાની ઠરાવ બુક.

૩. રોજમેળ

૪. ખાતાવહી

૫. બેંક સાથેની લેવડ-દેવડ

૬. સભાસદ રજિસ્ટર

૭. ડેડસ્ટોક રજિસ્ટર

૮. પાવતી બુક

૯. નોંધણી પ્રમાણપત્ર, ઉપનિયમો, ઓડીટ મેમા

૧૦.જમા / ઉધાર, વાઉચર ફાઈલ.

૧૧.અન્ય જરૂરી દસ્તાવેજો

(દસ્તાવેજો નિભાવવા તથા હિસાબ લખવા પગારદાર મંત્રીની નિમણુક કરવી, દસ્તાવેજો મંડળીની માલિકીની / ભાડાની ઓફીસમાં જ રાખવા તથા મંત્રી ઓફીસમાં નિયમિત હાજરી આપે તે આવશ્યક છે.

➲ મંડળીએ ઉપનિયમની જોગવાઈઓ મુજબ જ નફાની વહેંચણી કરવી.



➲ મંડળીએ કર્મચારીઓના પ્રોવિડન્ડ ફંડ અને ગ્રેજ્યુઈટી માટે કેન્દ્ર સરકારના કાયદા અને નિયમો સાથે સુસંગત મંડળીના નિયમો બનાવીને સાધારણ સભાની મંજૂરીથી અમલમાં મુકવા.

➲ વ્યવસ્થાપક સમિતિ સભ્યોની ચૂંટણી દર પાંચ વર્ષે કરવી, તેમ જ અઢી વર્ષ સુધીમાં રાજીનામું, મૃત્યુ કે કોઈ કારણસર વ્યવસ્થાપક સમિતિમાં જગ્યા ખાલી પડે તો ચૂંટણી પ્રક્રિયાથી તે જગ્યા ભરવી. અઢી વર્ષની મુદત બાદ ખાલી પડેલી જગ્યા કો-ઓપ્ટ કરીને ભરી શકાય છે.

➲ વ્યવસ્થાપક સમિતિની મીટિંગ પ્રતિ માસ / બે માસ (પેટાનિયમની જોગવાઈ મુજબ) કરવી ફરજિયાત છે, તથા તેમાં તમામ સભ્યોએ હાજર રહેવું જરૂરી છે. જો કોઈ સભ્ય હાજર ન રહી શકે તેમ હોય, તો હાજર ન રહેવાનું કારણ જણાવી, મંજૂરી લેવી જોઈએ.

➲ મંડળીના કામકાજના અને ખર્ચના અગત્યના તમામ નિર્ણયો વ્યવસ્થાપક સમિતિમાં ઠરાવ કરીને જ કરવા જોઈએ, તેમ જ જરૂર જણાયે સાધારણ સભાની મંજૂરી મેળવવી જોઈએ.

➲ વાર્ષિક સાધારણ સભા દર વર્ષે 30 સપ્ટેમ્બર સુધીમાં બોલાવવી ફરજિયાત છે અન્યથા દંડની કાર્યવાહીની જોગવાઈ છે.

➲ દર વર્ષે ૩૧ માર્ચના રોજ હિસાબો તૈયાર કરાવવા તથા રજિસ્ટ્રારે નક્કી કરેલા ઓડીટર પાસે ફરજિયાત ઓડીટ કરાવવું અને ઓડીટ અહેવાલની દુરસ્તી બે મહિનામાં કરવી અન્યથા દંડ થવાની જોગવાઈ છે.

➲ મંડળીમાં નાણાકીય ઉચાપત થાય તેવા સંજોગોમાં મંડળીએ પોલીસ ફરિયાદ કરવી જરૂરી છે અન્યથા વ્યવસ્થાપક સમિતિ તેના માટે જવાબદાર ગણી શકાય.

➲ મંડળીને જો ખોટા વહીવટને કારણે નુકશાન થશે તો તે રકમ જે તે વ્યક્તિ કે તેના વારસદારો પાસેથી વસુલ કરવાની રહે છે. મંડળીમાં વસુલાત માટે વ્યવસ્થાપક સમિતિએ પગલાં ભરવા જોઈએ તથા જરૂર જણાયે સહકારી કાયદાની કલમ - ૯૬ અન્વયે બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં દાવા દાખલ કરીને વસુલાત કરવી.

➲ મંડળીએ તેના ઉદ્દેશો મુજબ કામગીરી કરવી જોઈએ, ઉદ્દેશો અનુસાર કામગીરી ન કરનાર મંડળી સામે મંડળીને આટોપી લેવા સુધીના પગલાં ભરવાની જોગવાઈ છે.

➲ મંડળીએ સહકાર વિભાગના વખતોવખતના ઠરાવો/પરિપત્રો તથા સૂચનો મુજબ કામગીરી કરવી જોઈએ.

# સહકારી મંડળીઓની પ્રકારવાર સંખ્યા

| ગુજરાત રાજયમાં આવેલ સહકારી મંડળીઓની પ્રકારવાર સંખ્યા દર્શાવતું પત્રક | | |
|---|---|---|
| | તા.૩૧/03/૨૦૨૧ અંતિત | |
| અ.નં. | સહકારી મંડળીઓનો પ્રકાર | સહકારી મંડળીઓની સંખ્યા |
| ૧ | રાજય સહકારી બેંક | ૧ |
| ૨ | મધ્યસ્થ જિલ્લા બેંક | ૧૮ |
| ૩ | રાજય કૃષિ બેંક | ૧ |
| ૪ | પ્રાથમિક કૃષિ ધિરાણ | ૧૦૧૬૬ |
| ૫ | નાગરીક બેંક | ૨૨૩ |
| ૬ | પ્રાથમિક બિન કૃષિ ધિરાણ | ૬૩૧૭ |
| ૭ | માર્કેટીંગ મંડળીઓ | ૨૪૧૧ |
| ૮ | પ્રક્રિયા મંડળીઓ | ૧૩૫૭ |
| ૯ | દૂધ મંડળીઓ | ૧૬૦૮૮ |
| ૧૦ | પશુપાલન મંડળીઓ | ૮૮૧ |
| ૧૧ | ખેતી મંડળીઓ | ૯૦૦ |
| ૧૨ | મત્સ્ય મંડળીઓ | ૬૯૯ |
| ૧૩ | ગ્રાહક ભંડાર | ૨૦૧૭ |
| ૧૪ | ગૃહ મંડળીઓ | ૧૭૫૬૦ |
| ૧૫ | મજૂર મંડળીઓ | ૩૭૫૮ |
| ૧૬ | જંગલ કામદાર મંડળીઓ | ૧૩૫ |
| ૧૭ | સિંચાઇ મંડળીઓ | ૩૭૭૦ |
| ૧૮ | વાહન-વ્યવહાર મંડળીઓ | ૧૧૪ |
| ૧૯ | વિદ્યુત મંડળીઓ | ૧૦ |
| ૨૦ | અન્ય બિન ધિરાણ | ૧૧૭૫૨ |
| ૨૧ | સંઘ અને સંસ્થાઓ | ૫૩ |
| ૨૨ | ખાંડ મંડળીઓ | ૩૧ |
| ૨૩ | કુટીર ઉદ્યોગ | ૪૮૭૨ |
| | કુલ | ૮૩૧૩૪ |

# સહકાર વિભાગની વિવિધ જનહિતલક્ષી યોજનાઓની ઝાંખી

## બજાર સમિતિઓમાં આધુનિક સગવડો ઊભી કરવા માટેની યોજના

| હેતુની વિગત | સહાયનું ધોરણ |
|---|---|
| (૧) વેચાણક્રમ પ્રદર્શન સેન્ટર<br>(૨) ખેડૂતો માટેનો શેડ/પ્લેટફોર્મ<br>(3) ડ્રીપ ઈરિગેશન માટેના ડેમોસ્ટ્રેશન ફાર્મ<br>(૪) શાકભાજી બજારમાં ઈન્ફર્મેશન કિયોસ્ક | અ.નં-૧ થી ૪ ના હેતુઓ માટે તમામ પ્રકારની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કૉસ્ટના ૧00% સહાય (મહત્તમ રૂા. ૫0 લાખની મર્યાદામાં) |
| (૫) સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી<br>(૬) પાણીની વ્યવસ્થા જેવી કે, બોરવેલ, ટ્યુબવેલ, વોટર કુલર, આર.ઓ.પ્લાન્ટ, ઑવર હેડ, વૉટર ટેન્ક, અન્ડર ગ્રાઉન્ડ વૉટર ટેન્ક વગેરે..<br>(૭) સોલાર લાઈટીંગ સીસ્ટમ | અ.નં-૫ થી ૭ ના હેતુઓ માટે 'અ' અને 'બ' વર્ગની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કૉસ્ટના ૨૫% સહાય (મહત્તમ રૂા.૫0.00/- લાખની મર્યાદામાં) તથા 'ક' અને 'ડ' વર્ગની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કૉસ્ટના ૫0% સહાય (મહત્તમ રૂા.૫0.00/- લાખની મર્યાદામાં) મળવાપાત્ર રહેશે. |
| સંપર્ક કચેરી : જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ | |






# કિસાન કલ્પવૃક્ષ યોજના

## બજાર સમિતિઓમાં માળખાગત સગવડો ઊભી કરવા માટેની યોજના

| હેતુની વિગત | સહાયનું ધોરણ |
|---|---|
| (૧) ઓકશન શેડ<br>(૨) લોડીંગ<br>(૩) અન-લોડીંગ શેડ<br>(૪) પાર્કિંગ શેડ<br>(૫) ડ્રાયરશેડ<br>(૬) માર્કેટયાર્ડની દિવાલફેન્સીંગ ગેટ સાથે<br>(૭) આંતરીક પાકા રસ્તા<br>(૮) પેવર ફ્લોરીંગ<br>(૯) બાયોગેસ સાથેનું સોલિડ વેસ્ટ ડીસ્પોઝલ પ્લાન્ટ<br>(૧૦) રૂમ સાથેના વે-બ્રીજ (નાના તથા મોટા વજન કાંટા સાથે) | સામાન્ય વિસ્તારની 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૨૫% સહાય (મહત્તમ રૂ.૫ કરોડની મર્યાદામાં) તથા 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૫૦% સહાય (મહત્તમ રૂ.૫ કરોડની મર્યાદામાં) મળવાપાત્ર રહેશે. |
| (૧૧) અનાજ, કઠોળ તથા મસાલા સાફ કરવાના  કલીનીંગ, વોશીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ  યુનીટ<br>(૧૨) વેજીટેબલ એન્ડ ફ્રુટકોલ્ડ રૂમ/ કોલ્ડ સ્ટોરેજ<br>(૧૩) ઑટોમેટીક ડ્રાયર સેન્ટર<br>(૧૪) બેલીંગ પ્રેસ<br>(૧૫) એગ્સ સ્ટોરેજ સેન્ટર<br>(૧૬) દુધ કલેકશન સેન્ટર<br>(૧૭) ઈન્ફોર્મેશન સેન્ટર<br>(૧૮) ફ્રુટ એન્ડ વેજીટેબલ માટે પ્રાયમરી પ્રોસેસીંગ સેન્ટર<br>(૧૯) ગ્રેડીંગ, કલીનીંગ, વેકસીંગ એન્ડ પૅકીંગ સુવિધા<br>(૨૦) પ્રિ. કુલીંગ એકમો<br>(૨૧) રાઈપનીંગ ચેમ્બર<br>(૨૨) ફ્રુટ એન્ડ વેજીટેબલ મોર્કેટ<br>(૨૩) ફાર્મર્સ ટ્રેનીંગ સેન્ટર<br>(૨૪) શૌચાલય અને બાથરૂમ | અ.નં-૧ થી ૨૬ માટે આદિજાતિ વિસ્તારની 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૫૦% સહાય (મહત્તમ રૂ.૫ કરોડની મર્યાદામાં) તથા 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૭૫% સહાય (મહત્તમ રૂ.૫ કરોડની મર્યાદામાં) મળવાપાત્ર રહેશે. |

| હેતુની વિગત | સહાયનું ધોરણ |
| --- | --- |
| (૨૫) કમ્પાઉન્ડવોલ ગેટસાથે<br>(૨૬) એમ્બ્યુલન્સવાન<br>(૨૭) ઓફીસ બિલ્ડીંગ<br>(૨૮) શોપ્સ કમ ગોડાઉન<br>(૨૯) પ્લેટફોર્મ<br>(30) રેસ્ટ હાઉસ<br>(૩૧) ખેડૂત કેન્ટીન<br>(૩૨) લાઈટ વ્યવસ્થા<br>(33) ફ્રુટ શોપ | અ.નં-૧ થી ૨૬ માટે આદિજાતિ વિસ્તારની 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૫0% સહાય (મહત્તમ રૂ.૫ કરોડની મર્યાદામાં) તથા 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૭૫% સહાય (મહત્તમ રૂ.૫ કરોડની મર્યાદામાં) મળવાપાત્ર રહેશે. |
| (૩૪) ખેડૂતોના ગોડાઉન | તમામ પ્રકારની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કૉસ્ટના ૫0% સહાય (મહત્તમ રૂ.૫0.00/- લાખની મર્યાદામાં) |
| (૩૫) વેપારી અને અન્ય ગોડાઉનો | તમામ પ્રકારની બજાર સમિતિઓને પ્રોજેક્ટ કૉસ્ટના ૩૫% સહાય (મહત્તમ રૂ.૫0.00/- લાખની મર્યાદામાં) |
| (૩૬) કોમ્પ્યુટરાઈઝેશન<br>(૩૭) જણસીઓનું એસેયીંગ | 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૫0% સહાય (મહત્તમ રૂ.૭૫ લાખની મર્યાદામાં) તથા 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૭૫% સહાય (મહત્તમ રૂ.૭૫ લાખની મર્યાદામાં) મળવાપાત્ર રહેશે. |
| સંપર્ક કચેરી : જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ | |

# રાજ્યની નવીન બજાર સમિતિઓની પાયાની સગવડો આપવા અંગેની યોજના

| હેતુની વિગત | સહાયનું ધોરણ |
|---|---|
| (૧) ઑફિસ બિલ્ડીંગ<br>(૨) ઑક્શન શેડ<br>(૩) શૉપ કમ ગોડાઉન<br>(૪) સી.સી.રોડ<br>(૫) વે-બ્રીજ<br>(૬) પાણીની સગવડ<br>(૭) સેનીટેશન<br>(૮) કંપાઉન્ડ વૉલ | સામાન્ય વિસ્તારની 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૫૦% સહાય તથા 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૭૫% સહાય મળવાપાત્ર રહેશે.<br><br>આદિજાતિ વિસ્તારની 'અ' અને 'બ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૭૫% સહાય તથા 'ક' અને 'ડ' વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેક્ટ કૉસ્ટના ૯૦% સહાય મળવાપાત્ર રહેશે. |
